# યુદ્ધથી ભયભીત પાકિસ્તાનની શાંતિ માટે અપીલ

ઈસ્લામાબાદ,તા.૨૭

ભારત દ્વારા પાકિસ્તાનમાં કરવામાં આવેલી એર સ્ટ્રાઈક બાદ બંને દેશોની વચ્ચે તણાવ ચરમસીમા પર છે. પાકિસ્તાની સેનાએ દાવો કર્યો છે કે, તેણે ભારતના બે વિમાનને નિશાન બનાવ્યું છે. જ્યારે પાકિસ્તાનની આ હરકતનો ભારતે જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતીય સીમામાં પ્રવેશ કરતાં પાકિસ્તાની વિમાનને ભારતે તોડી પાડ્યું છે. પાકિસ્તાનના વડાપ્રધાને બુધવારે બપોરે રાષ્ટ્રજોગ સંબોધન કર્યુ હતું.

અમે ભારતને પુલવામા હુમલાના પુરાવાઓ આપવાનું આશ્વાસન આપ્યું હતું. અમે આ પુરાવા અને ઈન્વેસ્ટિગેશનની બાંહેધરી એટલાં માટે આપી હતી જેથી અમે સાબિત કરી શકીએ કે પાકિસ્તાનની ધરતી પર આતંકીઓને આશ્રય આપવાની વાત ખોટી સાબિત કરી શકીએ. મારે પાકિસ્તાનના વિશ્વાસની જરૂર છે.

જો ભારત અમારી ધરતી પર આવીને પ્રહાર કરી શકે છે તો અમે પણ તેમની ધરતી પર જઈ શકીએ છીએ. તમામ યુદ્ધો લોકશાહીને ખોટાં રસ્તે દોરી જાય છે અને કોઈ જાણતું નથી કે તેઓ ક્યાં જઈ રહ્યા છે.

હું ભારતને પૂછવા માંગુ છું કે જે હથિયારો તેમની પાસે છે અને અમારી પાસે છે, શું તેનો ખોટો ઉપયોગ આપણને પોષાઈ શકે છે? જો આ તણાવ વધશે તો તેને હું કે નરેન્દ્ર મોદી કંટ્રોલ નહીં કરી શકીએ. લોકશાહીએ સારાં અર્થમાં જીતવું જોઈએ, યુદ્ધથી નહીં

ઈમરાન ખાને કહ્યું કે, ''યુદ્ધ શરૂ કર્યા પહેલા નથી ખબર હોતી કે ક્યાં જઈને અટકશે. પહેલું વિશ્વ યુદ્ધ મહિનાઓમાં પૂર્ણ થવાનું હતુ જેને ૬ વર્ષ લાગ્યા હતા. બીજા વિશ્વ યુદ્ધમાં હિટલરે વિચાર્યું કે તે રૂસને જીતી લશે, પરંતુ તેને હારનો સામનો કરવો પડ્યો. આતંક સામેની લડાઈમાં શું અમેરિકાએ વિચાર્યું હતુ કે અફઘાનિસ્તાનમાં તે આટલા લાંબા સમય સુધી ફસાયેલું રહેશે? આવું જ વિયતનામ યુદ્ધમાં પણ ખબર નહોતી કે તે કેટલે દૂર જશે.''



ભારતીય વાયુસેનાએ નૌશેરા સેક્ટરના લામ ઘાટીમાં પાકિસ્તાની એફ-૧૬નું એક વિમાનને તોડી પાડ્યું છે. તોડી પાડ્યા બાદ આ વિમાન પીઓકેના વિસ્તારમાં જઈ પડ્યું હતું. તે વિમાનમાંથી પેરાશૂટથી એક પાયલોટને ઉતરતા પણ જોવા મળ્યો હતો. આ અંગે એરવાઈસ માર્શલ આર.જે.કે. કપૂરે પત્રકારોને વિગતવાર માહિતી આપી હતી.

જમ્મુ કાશ્મીરના બડગામથી સાત કિલોમીટર દુર ભારતીય વાયુસેનાનુ મીગ ફાઈટર જેટ ક્રેશ થયુ છે. જેમાં સવાર બંને પાયલોટ શહીદ થયા હોવાના ખબર મળ્યા છે. શોપિયાં જિલ્લામાં સુરક્ષા દળો અને જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. જેમાં અત્યાર સુધીમાં જૈશ-એ-મોહમ્મદના ૨ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યાં છે.

પાકિસ્તાનીન આ હરકત પછી જમ્મુ-કાશ્મીર અને પંજાબના તમામ ૮ એરપોર્ટ પર દરેક ઉડાન રદ કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત ઉત્તરાખંડના દેહરાદૂનનું એરપોર્ટ પણ બંધ કરી દેવામાં આવ્યું હતું. અમુક કલાકો સુધી આ એરપોર્ટ પર ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ઉડાન રદ કરવામાં આવી હતી. જોકે બપોરે ૩ વાગે દરેક એરપોર્ટ પર ઉડાનને રેગ્યુલર ચાલુ કરી દેવાનો આદેશ આપવામાં આવ્યો હતો.




ગુજરાત રાજયના મનરેગા યોજનામાં કરાર આધારિત ફરજ બજાવતા કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓ લઈ અચોકકસ મુદતની હડતાલ પર ઉતર્યા છે ત્યારે આજે મનરેગાના કર્મચારીઓ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આવી પહોંચ્યા હતા અને સરકાર સમક્ષ પોતાની રજુઆત કરી હતી.

## બનાસકાંઠા જિલ્લામાં મોટર સાયકલ અને ઓટોરીક્ષાના વાહનો માટે નવી સીરીઝ શરૂ કરાઈ

આર.ટી.ઓ. પાલનપુર દ્વારા તમામ ટુ વ્હીલર (મોટર સાયકલ) વાહન માલિકોને જણાવવામાં આવે છે કે ટુ વ્હીલરની નવી સીરીઝ જીજે ૮ બીક્યુ ૧ થી ૯૯૯૯ સુધી તા.૧૧/૦૩/૨૦૧૯ના રોજ શરૂ કરવામાં આવનાર છે અને થ્રી વ્હીલર (ઓટો રીક્ષા) વાહન માલિકોને જણાવવામાં આવે છે કે થ્રી વ્હીલરની નવી સીરીઝ જીજે ૮ એવી ૧ થી ૯૯૯૯ સુધી તા. ૧૧/૦૩/૨૦૧૯ ના રોજ શરૂ કરવામાં આવનાર છે.

પસંદગીના નંબર મેળવવા ઈચ્છા ધરાવતા મોટર સાયકલ અને ઓટોરીક્ષા વાહન માલિકોએ સીએનએ ફોર્મ ભરી તા. ૦૧/૦૩/૨૦૧૯ થી તા.૦૮/૦૩/૨૦૧૯ સુધી એપ્લીકેશન, પેમેન્ટ કરવાનું રહેશે. ઈ-ઓક્શન બિડીંગ તા.૦૯/૦૩/૨૦૧૯ થી તા.૧૦/૦૩/૨૦૧૯ સાંજના ૫.૦૦ કલાક સુધી પ્રોસેસ કરવાની રહેશે. જે માટે વાહનનું રજીસ્ટ્રેશન કરાવી પસંદગીના નંબર માટે Parivahan.gov.in પર **FANCY NUMBER** માટે ઓનલાઈન પ્રોસેસ કરવાની રહેશે. આ અંગેની વધુ માહિતી માટે આર.ટી.ઓ. કચેરી પાલનપુરનો સંપર્ક કરવા જણાવાયું છે.



ઘણા વર્ષોથી નાટક, ટીવી તથા ફિલ્મક્ષેત્રે એકટિંગ, દિગ્દર્શન તથા નિર્માણ કાર્ય સાથે સંકળાયેલા દિગ્દર્શક શૈલેષ પ્રજાપતિ દ્વારા દિગ્દર્શિત-નિર્મિત નાટક ''લાઈફના ક્રોસ કનેક્શન''ના તાજેતરમાં તા. ૨૨, ૨૩ અને ૨૪મી ફેબ્રુઆરી દરમ્યાન ઉત્તર ગુજરાતના અનુક્રમે પાલનપુર, વડનગર અને રાજસ્થાનના આબુ ખાતે શો યોજાયા હતા. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી યોજાયેલ આ નાટકના લેખક હેમંત શિવલકરે બે વ્યક્તિઓ સરતો પર જીંદગી જીવવાની કોશિષ કરે જેમાં એક હંમેશા જીતે અને બીજાને હારવું પસંદ ના હોય તેની કશ્મકશને આબાદ રીતે વણી લેવામાં આવી છે. નાટકમાં મમતા ભાવસાર, સૌરભ પાંડે, રીષભ શુકલા, અમર આહીર સહિત કલાકારોએ અભિનંદનના અજવાળા પાથર્યા છે.

## રેડ બુલ પેપર વિંગ્સ ૨૦૧૮ની ગાંધીનગર ક્વોલિફાયરમાં

### આર્શ ફેફર અને કુલદીપ બારોટની ઊંચી ઉડાણ

ગાંધીનગર, તા. ૨૭

ડીએઆઈઆઈસીટી, ગાંધીનગરે ૪ વર્ષ પછી ભારતમાં સૌથી વિશાળ પેપર પ્લેન સ્પર્ધા રેડ બુલ પેપર વિંગ્સ ૨૦૧૯ની ૫ મી આવૃત્તિનું પુનરાગમન નિહાળ્યું હતું. આ સ્પર્ધામાં કળાત્મક રીતે પેપરનાં વિમાન બનાવતા જોશીલા સહભાગીઓની ૧૦૦ સંખ્યા જોવા મળી હતી. વિજેતા બે શ્રેણીમાં નક્કી કરાયા હતા. જેમાં સૌથી લાંબુ અંતર, સૌથી લાંબો હવાઈ સમયનો સમાવેશ થતો હતો. આર્થ ફેફર અને કુલદીપ બારોટ લાંબુ અંતર અને સૌથી લાંબો હવાઈ સમયની શ્રેણીમાં જીત્યા હતા, જેમને હવે એપ્રિલમાં નેશનલ ફાઈનલ્સમાં સ્પર્ધા કરવાનો રોમાચંક મોકો મળશે. સર્વ નેશનલ ફાઈનલ વિજેતાઓ તે પછી પ્રતીકાત્મક હેન્ગર-૭માં ઓસ્ટ્રેલિયામાં વર્લ્ડ ફાઈનલ ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે આગળ જશે.

રેડબુલ પેપર પ્લેન વીંગ્સ વર્લ્ડ ચેમ્પિયનશીપ વિશ્વના ૬૧થી વધુ દેશોમાં યોજાઈ રહી છે, જેમાં દુનિયાભરની ૩૮૪થી વધુ યુનિવર્સિટીઓ અને શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.

રેડ બુલ પેપર વિંગ્સ દુનિયાભરના વિદ્યાર્થીઓને ગ્લોબલ પેપર પ્લેન ચેમ્પિયનશિપ અને સૌથી વિશાળ રેડ બુલ સ્ટુડન્ટ પાર્ટિસિપેટરી ઈવેન્ટમાં ભાગ લેવા માટે આમંત્રણ આપે છે. આ વિચાર સાદો અને ઘરેલુ પણ છે. વિદ્યાર્થીઓએ કાગળમાંથી એવું વિમાન બનાવવાનું જે શક્ય તેટલું દૂર સુધી ઊડે અથવા કળાત્મક રીતે શક્ય તેટલું હવામાં ઊડે.



### પ્રાંતિજ ખાતે કમલ જ્યોતિ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે કમલ જ્યોતિ કાર્યક્રમ યોજાયો જેમાં ભાજપ કાર્યકરો લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કમલ જયોતિ દિપ પ્રગટાવી ખુશાલી મનાવી હતી. પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા કમલ જ્યોતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ભાજપ કાર્યકરો આગેવાનો સહિત લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને કમલ જ્યોતિ દિપ પ્રગટાવી ખુશાલી મનાવી હતી તો ભાજપ કાર્યકરો દ્વારા ફટાકડા ફોડી આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સાબરકાંઠા- અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, નગરપાલિકા પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પરમાર, નગરપાલિકા પૂર્વ પ્રમુખ નિરવભાઈ પરીખ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, નગરપાલિકા કોર્પોરેટરો ભાજપ કાર્યકરો ભાજપ આગેવાનો અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કમલ જ્યોતિ દિપ સળગાવીને ખુશાલી મનાવી હતી. ભાજપ કાર્યકરો દ્વારા ફટાકડાં ફોડી આનંદ વ્યક્ત કર્યો હતો.

## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં તોફાની વરસાદથી પારાવાર નુકશાન

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લામાં ઉપરાછાપરી એક જ દિવસમાં બે વાર તોફાની વરસાદથી કૃષિક્ષેત્રે કિસાનોમાં હતાશા વ્યાપી ગઈ છે. જેમાં એક જ પરિવારના બે ભાઈઓને ૧૦ એકરમાં પપૈયાનો નાશ થયો છે. મીની ચક્રવાતની જેમ પવન ફૂંકાતા પોલ્ટ્રી ફાર્મ અને પશુઓના તબેલાના પતરા ઉડી જતા ભારે નુકસાની ભોગવવી પડી હતી.



ચાલુ મોસમમાં ઘઉં, મકાઈ, રાયડો, જીરું, દિવેલાના પાકને તો ભારે નુકસાન થયું છે સાથે સાથે માલપુર તાલુકામાં અણિયોર કંપામાં ભારે પવન સાથેના કમોસમી વરસાદે ખેતરોમાં પપૈયાના ઉભા પાકમાં ભારે નુકસાન થવા પામ્યું છે. જેનાથી ખેડૂતો બેહાલ થયા છે. ૧૦ થી ૧૫ એકરમાં પપૈયાના ઉભા પાકનો સદંતર નાશ થયો છે. મંગળવારે સાંજના એકાએક ભારે પવન સાથે વરસાદ પડતાં આવા ખેતરોના ખેતરોમાં પપૈયાના છોડ તૂટી પડતા અનેક ટુકડા થઈ બરબાદ થઈ જતા કઉ અને રમાણા પંથક

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના ખેડૂતોની રવિ સીઝનની ખેતી બરબાદ થતા ખેડૂતોને બે દિવસથી થાળીમાં રહેલું ધાન્ય પણ ગળે ઉતારતું નથી. ખંભીસર પંથકમાં ઘઉં અને તળબુચની ખેતી કરનારા ખેડૂતોએ રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. કમોસમી વરસાદથી ખેડૂતોને ભારે નુકસાન જતા રાજ્ય સરકારે જવાબદાર તંત્ર પાસે સર્વે કરાવી ખેડૂતોને સહાય આપવામાં આવેની જગતના તાતમાં પ્રબળ માંગ ઉઠી છે.

સદનસીબે ગઈકાલે કુદરતી આફતથી જાનહાની ટળતા પ્રજાજનોએ અને વહીવટી તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

### મતદાર યાદી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરજીઓની ચકાસણીની કામગીરી ચાલી રહી છે અને આ મતદારોના નામ ટુંકમાં જ મતદારયાદીમાં પુરક યાદી તરીકે દાખલ કરી દેવામાં આવશે.

લોકસભાની આવી રહેલી ચૂંટણીઓ પૂર્વે આ સુધારણા ઝુંબેશનું મહત્વ વધુ હતુ. રાજકીય પક્ષોએ પણ ભારે રસ દાખવ્યો હતો. આ ઝુંબેશને જોવા માટે રાજ્યના સંયુક્ત ચૂંટણી અધિકારી જયદીપ દ્વિવેદી પણ જિલ્લામાં આવ્યા હતા જે નોંધનીય છે.

### ફુલો નિખરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોપાઓની વાવણી કરવામાં આવી છે. નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર વિવિધ રોપાઓની વાવણી કરી દેવામાં આવી છે. શહેરના ઘ માર્ગ પર કેસરી રંગને અનુલક્ષી એકઝોરા, ટીકોમાં, કેના અને ગલતોરા સહીતના રોપાઓની વાવણી કરવામાં આવી છે. અંદાજિત ૫૦ મીટરના અંતરે ૨૦ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. વનતંત્રના જણાંવ્યા મુજબ આગામી ચાર પાંચ મહીનામાં આ મુખ્યમાર્ગોની આસપાસ કેસરી તેમજ પીળા રંગના ફુલો નિખરશે. શહેરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ વાઈબ્રન્ટ સમિટ વેળાએ બોગનવેલના રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જયારે હાલ આ સેન્ટ્રલ વર્જમાં રંગબેરંગી ફુલો નિખરેલા જોવા મળી રહ્યા છે. હાલ વનતંત્ર દ્વારા રોપાઓની વાવણીના અંતે કોઈપણ રોપાઓનુ બાળમરણ ન થાય તે માટે પણ વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે.

### આયોજન મંડળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવાના કામો પર ચર્ચા કરી અને મંજૂરી આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લો જે લોકસભાની ત્રણ બેઠકોમાં વહેંચાયેલો છે તેથી હાલની ૧૬મી લોકસભાના સભ્યોએ સૂચવેલા વિકાસકામો અંગેની સમીક્ષા પણ આ બેઠકમાં થશે.

જિલ્લામાં ત્રણ સાંસદો છે અને તેમના દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૮૨૦થી વધુ કામો સૂચવવામાં આવ્યા છે. જે પૈકી ૧૦૦થી વધુ કામોના હજુ નકશા અંદાજો તંત્ર દ્વારા તૈયાર થયા નથી અને એટલે તેને પ્રાથમિક મંજૂરી પણ આપી શકાઈ નથી જે તંત્રની ઉદાસીનતા દર્શાવે છે.

જે ૧૦૦ કામોના નકશા અંદાજો તૈયાર થયા નથી તેમાં અડવાણીએ સૂચવેલા કામોમાંથી ૭ કામો, મહેસાણાના જયશ્રીબેન પટેલે સૂચવેલા કામોમાંથી ૪૭ કામો એજ પ્રમાણે પરેશ રાવલના પણ ૪૭ કામોના નકશા અંદાજો તૈયાર થયા નથી.

૧૧ કામો સાંસદોના એવા છે કે જેમના ટેન્ડરીંગની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને હવે ટૂંકમાં શરૂ થશે. જ્યારે ત્રણેય સાંસદોના સૂચવેલા કામો પૈકીના ૧૫૦ જેટલા કામો હાલ પ્રગતિ હેઠળ છે. સાંસદો દ્વારા જિલ્લામાં વિકાસ કામો માટે ઓછા નાણાં ફાળવવામાં આવે છે તેવી લાગણી પણ લોકોમાં પ્રવર્તતી સાંભળવા મળી હતી.

જિલ્લા આયોજન મંડળની બેઠક ૨૮મી ફેબ્રુઆરી સુધીમાં બોલાવી અને બહાલી આપવામાં આવે તેવી સરકારે સૂચના આપી હતી. જેને પગલે દરેક તાલુકામાંથી ઝડપથી આયોજનો મંગાવી અને આ બેઠક બોલાવવામાં આવી છે. જિલ્લામાં ચૂંટણીની આચારસંહિતા લાગુ થાય તે પૂર્વે આ વિકાસકામો હાથ ધરવાનું સરકાર વિચારી રહી હોવાનું જાણવા મળેલ છે.

### કમલ જ્યોતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમના અડ્ડાઓને પણ સાફ કરી દીધા છે. આતંકવાદને ડામવાની આ ગતિવિધિને દેશના નાગરિકો પણ બિરદાવી રહ્યા છે. જયારે આતંકવાદનો સફાયો કરવાના આ હુમલાના અંતે દેશવાસીઓમાં પણ નવો જોસ જોવા મળી રહ્યો છે. આતંકવાદને નેસ્તનાબુદ કરવાના આ હુમલાને અનુલક્ષી મહાનગર ભાજપ દ્વારા જયોતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે અન્વયે તા ૨૬ ફેબ્રુઆરીના રોજ સાંજે ૭ કલાકે ઘ- ૪ સર્કલ પાસે ભારત માતા કી જય વંદે માતરમના નારા સાથે આંતશબાજી કરવામાં આવી હતી. આ તબક્કે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ હાજર રહ્યા હતા. જેમાં રાજયના પુર્વ મંત્રી ભરત બારોટ , પ્રદેશ અગ્રણી મણીભાઈ પરમાર, ડે મેયર દેવેન્દ્રસિંહ ચાવડા,ધારાસભ્ય અશોક પટેલ,મહામંત્રી કનુભાઈ દેસાઈ સહીતના હોદેદારો વોર્ડના પ્રમુખો, મહીલા મોરચાની બહેનો તેમજ યુવા મોર્ચાના આગેવનો સહીત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### તોડી પડાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાનના વિદેશમંત્રી અને સાંસદો દ્વારા કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. પાકિસ્તાન તરફથી ભારત દ્વારા હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદથી જ ધમકી આપવામાં આવી રહી હતી જેથી ભારતીય સેના પહેલાથી જ સજ્જ હતી અને એલર્ટ ઉપર હતી. દિલ્હી, મુંબઈ સહિત દેશભરમાં એલર્ટ વચ્ચે પાકિસ્તાની વિમાનોએ ઘુસણખોરી કરી હતી પરંતુ ભારતીય હવાઈ દળે પાકિસ્તાની વિમાનોને ખદેડી મુક્યા હતા. પાકિસ્તાની એરફોર્સના એફ-૧૬ વિમાનને તોડી પાડવામાં આવ્યું હતું. જો કે, ભારતીય સેના દ્વારા વિમાનનો પીછો કરાયો ત્યારે કેટલાક બોંબ ઝીંકવામાં આવ્યા હતા. જો કે, આના લીધે કોઈ નુકસાન થયું નથી. પાકિસ્તાની એરફોર્સના બે જેટ ત્રણ કિમી સુધી ભારતીય ક્ષેત્રમાં ઘુસ્યા હતા. ભારતીય એરફોર્સ તરફથી કાર્યવાહી કરાતા પાકના જેટ પરત ફર્યા હતા. પરત જતી વેળા કેટલાક બોંબ ઝીંકાયા હતા. જો કે, આના લીધે કોઈ નુકસાન થયું નથી. પાકિસ્તાની વિમાનમાંથી પાયલોટ પેરાશૂટથી નિકળી ગયા હોવાના અહેવાલ પણ મળી રહ્યા છે. બીજી બાજુ બેઠકોનો દોર આજે પણ જારી રહ્યો હતો.

## પાલનપુર ખાતે સરહદથી જોડાયેલા વિસ્તારો અંગે બેઠક યોજાઈ

પાલનપુર કલેકટર કચેરી ખાતે કલેકટર સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને હાલમાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષી આંતરરાષ્ટ્રીય સરહદથી જોડાયેલ વિસ્તારો અંગે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બનાસકાંઠા જિલ્લાના આંતરરાષ્ટ્રીય સરહદથી જોડાયેલા વિસ્તારો માટે આવશ્યક ચીજવસ્તુઓ તેમજ આવશ્યક સેવાઓ અંગેની તમામ વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી તથા આવશ્યક ચીજ વસ્તુઓ અને આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ તમામ વિભાગોને એલર્ટ રહેવા કલેકટર દ્વારા સુચના આપવામાં આવી હતી.

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
● ઓફિસ આસીસ્ટન્ટ
● એકાઉન્ટ આસીસ્ટન્ટ
● ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝર ડ્રાઈવર
લોકેશન : ઈન્ફોસિટી
મો. ૭૫૭૪૦૧૦૦૦૬,
મો. ૯૦૯૯૦૩૩૩૬૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ